# મારી શાળા સલામત શાળા

## ધોરણ ૧-૨

**શિક્ષક આવૃત્તિ**










નિર્માણ

ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

GSDMA
ગુજરાત રાજ્ય આપત્તિ
વ્યવસ્થાપન સત્તામંડળ
ગાંધીનગર



**પ્રેરક :**

શ્રી બી. એમ. પટેલ
રીડર (તાલીમ), જી.સી.ઈ.આર.ટી.
ગાંધીનગર

શ્રી આર. આર. પટેલ
સચિવ, જી.સી.ઈ.આર.ટી.
ગાંધીનગર

**માર્ગદર્શક :**

ડો. સંજય બી. ત્રિવેદી
રીસર્ચ એસોસિએટ,
જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર

શ્રી અંજુબેન શર્મા
સી.ઈ.ઓ., જી.એસ.ડી.એમ.એ.,
ગાંધીનગર

શ્રી મિહિર ર. ભટ્ટ
ડાયરેક્ટર, એ.આઈ.ડી.એમ.આઈ.
અમદાવાદ

**કન્વીનર :**

સુમેધભાઈ પાટીલ
શ્રી પિયુષભાઈ રામટેકે
જી.એસ.ડી.એમ.એ., ગાંધીનગર

સુશ્રી વંદનાબેન ચૌહાણ
એ.આઈ.ડી.એમ.આઈ.,
અમદાવાદ

**લેખન :**

સુશ્રી હંસાબેન એચ. તાવિયાડ
શ્રી શૈલેષકુમાર એમ. પ્રજાપતિ
શ્રી મનીષકુમાર જી. પટેલ
શ્રી રાજેશ એમ. રબારી
શ્રી જયંતભાઈ એ. પ્રણામી

શ્રી જયપ્રકાશ બી. પટેલ
શ્રી વિજયકુમાર એમ. પટેલ
શ્રી હરેશભાઈ વી. ગોહેલ
શ્રી હિતેશભાઈ એન. પટેલ

**ચિત્રાંકન :**

શ્રી લાલજીભાઈ જે. કંજારીયા
શ્રી યોગેશ એચ. ચૌધરી
શ્રી કે. બી. કુંડરીયા

શ્રી ભરત બી. સેડલા
શ્રી દિનેશ વી. પટેલ

**ટાઈટલ ડિઝાઈન :**

ધર્મેન્દ્ર જે. ચાવડા

**ટાઈપ સેટીંગ :**

પ્રદીપકુમાર ડી. વ્યાસ

**મુદ્રણ :**

# પ્રસ્તાવના

શિક્ષક મિત્રો,

શાળાને સ્વચ્છ, સલામત અને શૈક્ષણિક પ્રવૃત્તિઓથી સમૃદ્ધ રાખવી એ આપણી ફરજ છે. આપણા ઘર કુટુંબ, શાળા અને સમાજમાં સમસ્યાઓ આવતી હોય છે. તેને આપણે કુનેહપૂર્વક હલ કરીએ છીએ. એ બધી મુશ્કેલીઓ માનવસર્જીત હોય છે. એ જ રીતે તાલુકા, જિલ્લા, રાજ્ય, દેશ અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઘણા બધા પ્રકારની મુશ્કેલીઓ આવે છે. આ મુશ્કેલીઓ માનવસર્જિત અને કુદરત સર્જીત એમ બે પ્રકારની હોય છે. માનવસર્જીત સમસ્યાઓ આપણી બેદરકારીથી થાય છે તેને હલ કરી શકાય છે પણ કુદરત સર્જીત મુશ્કેલીઓ બહુ જ ભયંકર હોય છે તેને હલ કરતાં મહિનાઓ અને વર્ષો પસાર થઈ જાય છે.

કુદરતી અને માનવસર્જિત બંને મુશ્કેલીઓ આવતા પહેલાં, દરમ્યાન અને તેના પછી શું શું કરવું જોઈએ તે અંગેની માહિતી આપણે જો બાળકોને આપીએ તો અગમચેતીથી ઘણું બધું બચાવી શકાય છે. આપણે આપણું રક્ષણ કરી શકીએ છીએ અને બીજાને પણ મદદ કરી શકીએ છીએ. મુશ્કેલીઓ આવે ત્યારે જ માનવને સારી રીતે ઓળખી શકાય છે અને તેના દ્વારા માણસો એકબીજાની નજીક આવે છે. પરસ્પર સંવાદિતા સ્થપાય છે.

માનવસર્જિત મુશ્કેલીઓમાં રોડ ક્રોસિંગમાં બેદરકારી, ટ્રાફિકનાં નિયમોનો ભંગ, વીજળીથી ચાલતાં સાધનોના ઉપયોગમાં અસાવધાની, ફટાકડાં ફોડવામાં બેદરકારી, પતંગ ચગાવતાં બેધ્યાન રહેવું, ઝીબ્રા ક્રોસિંગમાં બેદરકારી, હોળી ધૂળેટીની રમત વખતે રંગ, કાદવ વગેરેનો ખરાબ ઉપયોગ, ફૂટપાથ પર ન ચાલવું, ગમે ત્યાં થૂંકવું, ગમે ત્યાં કચરો ફેંકવો, ગમે ત્યાં ઊભા રહી લઘુશંકા કરવી, પાણી અને વીજળીને વેડફવી, નદીમાં કચરો નાંખવાની મૂર્ખાઈ કરવી, વાહન ચલાવવામાં બેદરકારી, રેલ્વે અકસ્માત, વ્યક્તિગત બેદરકારીથી આગનાં બનાવો બનવા, અફવા ફેલાવવી, હુલ્લડો થવાં અને બોમ્બવિસ્ફોટ વગેરેનો સમાવેશ થાય છે.

માનવસર્જિત અને કુદરતી મુશ્કેલીઓથી પોતાનું રક્ષણ મેળવવા માટે ડિઝાસ્ટર મેનેજમેન્ટની તાલીમ શિક્ષકો અને વિદ્યાર્થીઓને આપવાની થાય છે. આ તાલીમમાં કાર્ટૂન્સ, ચિત્રો, ચિત્રવાર્તા, રંગપૂરણી, પ્રોજેક્ટસ, પ્રવૃત્તિઓ, મોકડ્રીલ, આબોહવામાં પરિવર્તન અને પ્રાથમિક સારવાર કઈ રીતે આપવી તે ઉપરાંત બાળકોને જુદી જુદી મુશ્કેલીઓ ઊભી થવાનાં કારણો, આપત્તિ પહેલાંની, દરમ્યાનની અને પછીનાં કાર્યો અંગેની સચોટ માહિતી વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા આપવામાં આવી છે.

શિક્ષકોએ આ તાલીમ સાહિત્યનું વિદ્યાર્થીઓને પ્રવૃત્તિ-પ્રોજેક્ટ કરાવતાં પહેલાં વાંચી જવા નમ્ર વિનંતી છે. વિદ્યાર્થીઓને રંગકામ, ચિત્રકામ કરવાનું થાય છે જેનાથી સમજ સ્પષ્ટ બને. મોકડ્રીલ કરતાં પૂર્વે જરૂરી પૂર્વતૈયારી અને વિદ્યાર્થીઓને ઈજા ન થાય તેની શિક્ષકોએ કાળજી રાખવી.

જી.સી.ઈ.આર.ટી.ની આગેવાની હેઠળ જી.એસ.ડી.એમ.એ. અને એ.આઈ.ડી.એમ.આઈ.ના માર્ગદર્શનથી આ સાહિત્ય તૈયાર કરવામાં આવ્યું છે જેમાં ડાયેટનાં વ્યાખ્યાતાઓ અને એસ.આર.જી. મિત્રોએ ખૂબ ધ્યાન રાખી લેખન સંપાદન કરેલ છે. પાઠ્યપુસ્તકોની પ્રવૃત્તિઓ અને પ્રોજેક્ટને ધ્યાનમાં રાખી વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે આ માહિતી તૈયાર કરવામાં આવી છે. આશા રાખીએ કે તે સૌને ઉપયોગી થશે.

**ડો. ટી. એસ. જોષી**
નિયામક
જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર

**શ્રી એ. બી. પટેલ**
નિયામક
જી.એસ.ડી.એમ.એ., ગાંધીનગર

# આ પુસ્તક વિશે

બાલમિત્રો, આપણા જીવનમાં નાની-મોટી સમસ્યાઓ કે પ્રશ્નો આવતા જ હોય છે. અને આપણે બધા જુદા જુદા ઉપાયો દ્વારા એ પ્રશ્નોનો ઉકેલમેળવીએ છીએ અને એટલું જ નહીં જરૂર પડે તો બીજા લોકોની સલાહ કે માર્ગદર્શન પણ લઈએ છીએ ખરું ને.

વિદ્યાર્થીમિત્રો, આ સમસ્યાઓ ઘણી વાર આખા તાલુકા, જિલ્લા, રાજ્ય કે દેશ પર આવતી હોય છે તે કુદરતી કે માનવસર્જિત હોય છે. એ સમયે સમગ્ર સમાજ પર મોટું જોખમ ઉભુ થતુ હોય છે. આવું જોખમ ટાળવા માટે કે ઓછું કરવા માટે ચોક્કસ તંત્રની રચના કરવામાં આવે છે જેને આપત્તિ વ્યવસ્થાપન કહે છે.

વિદ્યાર્થીમિત્રો, જોખમ ટાળવા માટે

જો... જોરદાર હિંમત દાખવીને

ખ... ખબરદાર રહીને

મ... મરામત કરવી

તમે સજાગ રહીને આવતી આપત્તિઓને કઈ રીતે ઓળખવી તેનાથી ડરવું નહીં અને પોતાનો સ્વબચાવ કઈ રીતે કરવો તે અંગે જાણો અને સમજો તે માટે ખાસ આ પ્રવૃત્તિનું નિર્માણ કરવામાં આવ્યું છે.!

# અનુક્રમણિકા


| ક્રમ | એકમ | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | ધમ ધમ ધરતી ધ્રુજી (ચિત્રવાર્તા – ભૂકંપ) | ૦૧ |
| ૨. | વા વા વંટોળ (ચિત્રવાર્તા – વાવાઝોડું) | ૦૪ |
| ૩. | બહાદુર રાધા (ચિત્રવાર્તા – પૂર) | ૦૭ |
| ૪. | ચિંટુ અને મિંટુ (ચિત્રવાર્તા – આકસ્મિક ઘટના) | ૦૯ |
| ૫. | વિવિધ કુદરતી આફતો પહેલાં અને પછીની સમજ | ૧૨ |
| ૬. | પ્રવૃત્તિઓ : રંગપુરણી | ૧૩ |



વિજરખી પ્રા. શાળા
શાળા સુરક્ષા
સપ્તાહ

# ૧. ધમ ધમ ધરતી ધ્રુજી

એક રામનગર નામનું ગામ હતું. જેમાં સચીન અને વસીમ નામના બે પાકાં મિત્રો રહેતા હતા. તેઓ દરરોજ શાળામાં સાથે જતા સાથે બેસતા અને સાથે રમતા હતા. એક દિવસ એવુ બન્યુ કે, આ બંને મિત્રો વર્ગમાં સાહેબ ભણાવતા હતા તે સમયે જોડે જ બેઠા હતા. બંનેનું ધ્યાન ભણવામાં હતું ને અચાનક જ **વર્ગમાં બધું હલવા ડોલવા લાગ્યું જાણે ચક્કર આવ્યા હોય તેવુ લાગવા માંડ્યું.** સાહેબને પરિસ્થિતિનો ખ્યાલ આવી ગયો કે, ધરતીકંપ એટલે કે ભૂકંપના કારણે આ બધુ ધ્રુજતુ હતું. તેમણે બાળકોને કહ્યુ જુઓ બાળકો ડરશો નહીં, બૂમો પાડશો નહીં અને જરા પણ ભાગંભાગ કરતા નહીં દરેક પોતાની બેસવાની પાટલી નીચે માથાને હાથથી ઢાંકી લપાઈને બેસી જાવ. બાળકો સાહેબની સૂચના મુજબ લપાઈને બેસી ગયા. થોડી જ ક્ષણો બાદ સાહબને લાગ્યું કે હવે ધ્રુજારી શાંત થઈ છે એટલે તરત જ સાહેબ પોતે પણ ટેબલ નીચે સુરક્ષિત બેઠા હતા ત્યાંથી બહાર નીકળી બાળકોને સૂચવ્યુ કે, બાળકો હવે ચિંતાની કોઈ જરૂર નથી. ચાલો બધા હારબંધ ગોઠવાઈ જાવ **તમારા દફતર તમારી માથે મૂકો** અને ધક્કામુક્કી કર્યા વિના ઝડપથી ચાલીને વર્ગની બહાર મારી સાથે આવી જાવ.

બહાર ખુલ્લા મેદાનમાં સાહેબ બાળકો સાથે પહોંચ્યા ત્યાં તો વસીમ એકાએક બોલી ઉઠ્યો કે, સાહેબ! સચીન તો અહીં ક્યાંય દેખાતો નથી. જરૂર તે રૂમમાં જ રહી ગયો લાગે છે. સાહેબ આ સાંભળી ખૂબ જ ઝડપથી વર્ગમાં પહોંચ્યા અને દરેક પાટલી તપાસતા તેમની નજર છેલ્લી પાટલી પર પડી. સચીન આંખ બંધ કરી હજુ પણ પાટલી નીચે લપાઈને બેસી રહ્યો હતો. સાહેબે સચીનને પ્રેમથી સ્પર્શ કરી કહ્યું, બેટા ! સચીન ઊભો થા, ચિંતા કરીશ નહીં, ચાલ મારી સાથે ઝડપથી વર્ગની બહાર.

પોતાના મિત્રને પણ સલામત સ્થળે જોઈ વસીમ ખુશ ખુશ થઈ ગયો. શિક્ષકે વસીમની સમયસૂચકતા અને હોંશીયારીની વાત તમામ બાળકો અને શિક્ષકોને જણાવી સૌએ વસીમને અભિનંદન આપ્યા.

### ચિત્રવાર્તા સમજાવતા પહેલાં નીચે પ્રમાણેના હેતુઓ ધ્યાનમાં રાખવા

- ભૂકંપ વિશે પાયાની સમજ મળે, જાણે અને ચર્ચા કરે.
- ચિત્ર દ્વારા ભૂકંપ દરમ્યાન શું કરવું એની સમજ.

### ચિત્રવાર્તા સમજાવતા પહેલાં નીચે જણાવ્યા મુજબનું અવલોકન કરાવવુ

- અહીં વિદ્યાર્થીઓ પાસે પુસ્તકમાં આપેલા ચિત્રોનું અવલોકન કરાવવુ .
- અવલોકન આધારે વિદ્યાર્થી સાથે ચર્ચા કરવી.

### અવલોકન આધારિત ચર્ચા કરવી

- વિદ્યાર્થીઓ એકબીજાને પ્રશ્નો પૂછી જવાબ મેળવે એવી પરિસ્થિતિનું આયોજન કરવુ.
- ચર્ચા પ્રશ્નોત્તરી દરમ્યાન સ્થાનિક બોલીનો ઉપયોગ કરી શકાય.
- વિદ્યાર્થીઓ લોકબોલીમાં જવાબ આપે તો તેનો સ્વિકાર કરવો.

## આટલુ તો કરીએ જ

- શિક્ષકની સૂચનાનો અમલ કરવો.
- લાઈનબંધ અને શિસ્તમાં હરોળમાં જવુ.
- ડરવુ કે ગભરાવુ નહીં.
- અફવા ફેલાવવી નહીં.
- માથા પર હાથ કે વસ્તુ રાખીને બહાર નીકળવુ કે જેથી માથાના ભાગને ઈજા ન થાય.
- ધરતી ધ્રુજે ત્યારે ખુલ્લા મેદાનમાં જવુ.

### મારી નોંધ

.....................................................................................................

.....................................................................................................

.....................................................................................................

.....................................................................................................

.....................................................................................................

## ૨. વા વા વંટોળ

રાજુ નામનો વિદ્યાર્થી શાળા છુટ્યા બાદ પોતાના ઘર તરફ જતો હતો ત્યાં બધા લોકો પોતાના રોજીંદા કામ પતાવી ઘર તરફ જતા હતા અને ગામના અમુક લોકો ડેરીમાં દૂધ ભરાવાનું હોવાથી ડેરીએ જતા હતા ત્યાં રાજુએ જોયુ કે ગામથી દૂર **પવન ગોળ ગોળ ફૂદરડીની જેમ ફરતો હતો** અને પવનની સાથે ધૂળની ડમરીઓ પણ ઉડતી હતી. આ જોઈ રાજુને શિક્ષકે કહેલ વંટોળની વાત યાદ આવી. આ વા વા વંટોળ ગામ તરફ જ આવતુ હોય તેવુ લાગ્યું.

રાજુ દોડીને ડેરી પાસે ગયો અને ડેરીનું સાયરન વગાડી ગામલોકોને ભેગા કરવાનું ડેરીના કર્મચારીઓને કહ્યું, બધા લોકો ડેરી પાસે ભેગા થયા. રાજુને તેના શિક્ષકે કહેલી વાત યાદ આવી કે વાવાઝોડું કે વંટોળ આવતા પહેલાં સાવચેતી રૂપે શું કરવું? તેની જાણ ગામલોકોને કરી તેણે કહ્યું, પહેલા તો આપણે કોઈએ ડરવાની જરૂર નથી. **આપણે સૌએ વંટોળ કે વાવાઝોડા વખતે પાકા મકાનમાં, ઘરની અંદર, વર્ગખંડ જેવા સલામત સ્થળે પહોંચી જવું.**

પોતાના ઢોર ઢાંખરને પણ ઘરની અંદર લઈ જવા, ઝાડની નીચે ઉભુ રહેવુ નહીં કોઈ વસ્તુ ઉડીને વાગે. જેમ કે છાપરું, પતરા, લાકડુ વગેરેથી દૂર ઊભા રહેવું આવી સલામતીની સૂચનાઓ રાજુએ ગામના લોકોને કહી. ગામલોકોએ વંટોળ ગામમાં આવતા આવતા રાજુએ કહ્યા પ્રમાણે સલામત જગ્યાએ બધા લોકો પહોંચી ગયા. થોડીક જ વારમાં વંટોળે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું. ગામ આખુ ધૂળની ડમરીઓમાં ઘેરાઈ ગયુ. કેટલાંક ઘરના છાપરા ઉડવા લાગ્યા. આખા ગામના વાતાવરણમાં પલટો થઈ ગયો. થોડી વાર પછી વંટોળ શાંત થયો અને વાતાવરણ શાંત અને ચોખ્ખુ થઈ ગયુ. જોયુ તો ગામમાં કોઈપણ પ્રકારની જાન-હાનિ થઈ ન હતી. આથી રાજુની સમજણથી મોટી હોનારત થતા બચી ગઈ.

## ચિત્રવાર્તા સમજાવતા પહેલાં નીચે પ્રમાણેના હેતુઓ ધ્યાનમાં રાખવા

- વાવાઝોડું એટલે શું એની સમજ કેળવવી.
- વાવાઝોડાની પૂર્વતૈયારી રૂપે શું કરવુ એની સમજ.

## ચિત્રવાર્તા સમજાવતી વખતે નીચે જણાવ્યા પ્રમાણે માર્ગદર્શન આપવુ

- વિદ્યાર્થીઓને ચિત્રનુંઅવલોકન કરાવવુ અને ચિત્ર અંગેનું માર્ગદર્શન પૂરુ પાડવુ.
- વિદ્યાર્થીઓને વાવાઝોડાથી થતા નુકસાનની જાણકારી આપવી.

## અવલોકન આધારિત ચર્ચા કરવી

- વંટોળની ઘટનાને આધારે વાવાઝોડાની ચર્ચા કરવી.
- આવી કોઈ ઘટના ભૂતકાળમાં બની હોય કે અનુભવી હોય તેના વિશે ચર્ચા કરવી.
- બાળકોમાં રહેલ અભિવ્યક્ત કરવાના કૌશલ્યનો વિકાસ થાય.
- અવલોકન આધારિત પ્રશ્નોત્તરી શિક્ષક બાળક જોડે કરશે.

## આટલુ તો કરીએ જ

- ડરવું કે ગભરાવું નહીં.
- અફવા ફેલાવવી નહીં.
- ઝાડ કે વીજળીના થાંભલાથી દૂર રહેવુ.
- વાવાઝોડા વખતે આપણે સલામત સ્થળે ખસી જવુ.
- એકબીજાની સાથે મળી આવેલી આફતોનો સામનો કરવો.

### મારી નોંધ

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

# ૩. બહાદુર રાધા

મોહનપુર નામનુ એક સુંદર ગામ હતું. તેમાં એક રાધા નામની બહાદુર અને હોંશીયાર છોકરી રહેતી હતી. રાધા આજે ખુશ ખુશ હતી કેમ કે આજે એનું શાળામાં સન્માન થવાનું છે.

હવે આપણને સવાલ થાય કે આ ૧૦ વર્ષની રાધાનું કેમ સન્માન કરવાનું? કેમ કે આજે ૧૫મી ઓગસ્ટ હતી અને એકાદ મહિના પહેલાંની વાત જાણે એમ હતી કે ગામમાં વરસાદ વધારે આવવાથી ગામમાં પૂર આવ્યુ હતું. **ગામ આખામાં જ્યાં જુઓ ત્યાં પાણી જ પાણી.** ગામનાં લોકો પોતાનો જીવ બચાવવા દોડાદોડી કરતા હતા અને બધા ગભરાયેલા હતા. આ દૃશ્ય રાધાએ જોયું પણ ડરી નહીં અને બધા લોકોને કહ્યું અરે! શાંત રહો, ડરશો નહીં અને ગામલોકોને જણાવ્યું કે તમે બધા ગામની જે **ઊંચાણવાળી જગ્યાઓ** છે, પાકાં મકાનો છે તેવી જગ્યા ઉપર પહોંચો. રાધાની આ વાત લોકોએ માની અને સૌ ગામલોકો ઊંચાણવાળી જગ્યાએ જ્યાં સલામતી હતી ત્યાં પહોંચી ગયા. ત્યાં જઈને જોયું કે, અગમચેતીના ભાગ રૂપે ત્યાં પહેલેથી જ બેટરી, દોરડુ, પીવાનું પાણી, સૂકો નાસ્તો, હવાભરેલી રબ્બરની ટ્યુબ વગેરે મૂકવામાં આવ્યુ હતું. જેના કારણે બધા ધીરજ ગુમાવ્યા વગર સુખશાંતિ અને સંપથી એક દિવસ નીકળી ગયો.

ત્યારબાદ બચાવ ટુકડીને જાણ થતા સમયસર આવી પહોંચી હતી અને રાહતકાર્ય શરૂ કરી દીધુ. ત્યારબાદ ગામલોકો સાથે મળી **મહાસફાઈ** શરૂ કરી. જેમાં ગામનાં વડીલો, જુવાનીયાઓ અને બાળકો પણ જોડાયા. જોતજોતામાં ગામ આખાની સફાઈ થઈ ગઈ અને મોહનપુર ગામ ફરી પહેલા જેવુ થઈ ગયુ હતું. જેના કારણે આજરોજ રાધાનું સન્માન શાળા પરિવાર, ગામના સરપંચ અને ગામલોકો દ્વારા સન્માન સમારંભ યોજાયેલ છે.

## ચિત્રવાર્તા સમજાવતા પહેલાં નીચે પ્રમાણેના હેતુઓ ધ્યાનમાં રાખવા

- પૂર એટલે શું તેની સમજ.
- પૂરની પૂર્વતૈયારી રૂપે શું કરવુ એની સમજ.

## ચિત્રવાર્તાનું અવલોકન અને માર્ગદર્શન વખતે નીચે જણાવ્યા પ્રમાણેનાં મુદ્દાઓ ધ્યાનમાં રાખવા

- પૂરની વાર્તાચિત્રનું અવલોકન બાળકો પાસે કરાવવુ.
- અવલોકન દરમ્યાન વિદ્યાર્થીઓ સાથે તેમના અનુભવોની ચર્ચા કરવી.
- પૂર બાદ થતા સંભવિત કાર્યોની સમજ.

## આટલું તો કરીએ જ

- ડરવુ કે ગભરાવુ નહીં.
- અફવાથી દૂર રહેવુ અને અફવા ફેલાવવી નહીં.
- પૂરના સમયે ઊંચી જગ્યા પર જવુ.
- નદીકિનારાથી દૂર રહેવુ.
- ખોદેલા ખાડા અને ખુલ્લી ગટરથી દૂર રહેવુ.
- ઉતાવળમાં ધક્કામુક્કી ન થાય તેનું ધ્યાન રાખવુ.
- પીવાનું પાણી, બેટરી, ફાનસ, સૂકો નાસ્તો, કિંમતી સામાન, કપડાં અને હવાભરેલી ટ્યુબ વગેરે સાથે રાખવી.
- નદી કે દરિયાકાંઠાના વિસ્તારોમાં ઊંચાણવાળી જગ્યાએ મકાન બાંધવા.

# ૪. ચિંટુ અને મિંટુ

રામપુર ગામની શાળામાં ચિંટુ અને મિંટુ નામના બે બાળકો ભણતા હતા ભણવામાં બંને હોંશીયાર હતા.

બંને પરિવારના સભ્ય હોય તે રીતે મજાથી રહેતા હતા. એક દિવસે બપોરે શાળામાં મધ્યાહ્ન ભોજન જમ્યા બાદ મેદાનમાં બંને મિત્રો રમતા હતાં ત્યાં અચાનક બૂમ પડી... બચાવો... બચાવો... બધા બાળકો અવાજ સાંભળી ભેગા થઈ ગયા. જોયુ તો **રહીમ નામના બાળકને સાપ કરડ્યો હતો.** બધા બાળકો ભેગા થયા ત્યાં ચિંટુ મિંટુ અને શિક્ષકો પણ આવી ગયા.

તે સમયે શિક્ષકશ્રીએ રહીમને કહ્યું કે તું સહેજ પણ ડરતો નહી અને કરડેલો સાપ ઝેરી ના પણ હોય ! બધા સાપ ઝેરી હોતા નથી, એમ હૈયાધારણા આપી. ત્યાં ચિંટુ દોડી ચોખ્ખુ પાણી લાવ્યો અને મિંટુ દોડી સાબુ લાવ્યો. બંનેએ ભેગા મળીને કરડેલા ભાગને સાફ કર્યો. એક શિક્ષકશ્રી સારવાર પેટી લાવે તે પહેલા આચાર્યશ્રીએ રહીમને દવાખાને લઈ જવાની વાત કરી. શાળાના શિક્ષકે તુરત જ **એમ્બ્યુલન્સ સેવા ૧૦૮ને** ફોન કર્યો. થોડી વારમાં તત્કાલ સારવાર નિષ્ણાતોની ટીમ સાથે **એમ્બ્યુલન્સ સેવા ૧૦૮** શાળામાં આવી પહોંચી અને તરત જ રહીમને તાત્કાલિક પ્રાથમિક સારવાર મળતા તેનો જીવ બચી ગયો.

આમ, ચિંટુ, મિંટુ અને શિક્ષકશ્રીઓની સુઝબુઝથી રહીમનો જીવ બચી ગયો. ગામ અને શાળા પરિવારે બંનેનું સન્માન કર્યું.

## ચિત્રવાર્તા સમજાવતા પહેલાં નીચે પ્રમાણેના હેતુઓ ધ્યાનમાં રાખવા

- આકસ્મિક ઘટનાથી પરિચિત થાય અને તેના વિશે ચર્ચા કરે.
- આકસ્મિક ઘટનાઓ બને તો શું કરવુ તેની સમજ કેળવે.

## ચિત્રવાર્તા આધારિત પૂર્વજ્ઞાનની ચકાસણી કરવી

- બાળકોને વિવિધ આકસ્મિક ઘટનાઓની સમજ આપવી જેમ કે, કૂતરુ કરડવુ, શોર્ટસર્કિટ લાગવી, સાપ કરડવો, ગેસનો બાટલો ફાટવો, ઈજા થવી, લોહી નીકળવું.

## ચિત્ર આધારિત અવલોકન કર્યા બાદ નીચે જણાવ્યા પ્રમાણે ચર્ચા કરવી

- બાળકો જોડે વિવિધ આકસ્મિક ઘટનાઓ વિશે ચર્ચા કરવી.
- આકસ્મિક ઘટના બાદ થતા સંભવિત ઉપાયોની ચર્ચા કરવી.
- ચિત્ર આધારિત પ્રશ્નોત્તરી કરવી.
- સ્થાનિક બોલીનો ઉપયોગ કરવો અને બાળકોની સ્થાનિક બોલીનો સ્વિકાર કરવો.

## આટલું તો કરીએ જ

- ડરવુ કે ગભરાવુ નહીં.
- ધારદાર કે અણીદાર વસ્તુઓથી સાવધ રહેવુ.

- રસ્તો ઓળંગતી વખતે જમણી અને ડાબી બાજુ જોવુ.
- દિવાસળીનો ઉપયોગ સાવચેતીથી કરવો.
- વીજળીનાં સાધનો, ખુલ્લા વીજવાયરોને અડકવુ નહીં.
- ગેસનાં બાટલાનો કોક રોજ રાત્રે અને બહાર જઈએ તો ભૂલ્યા વગર બંધ કરવુ જ.

## મારી નોંધ

................................................................................................................................

................................................................................................................................

................................................................................................................................

................................................................................................................................

................................................................................................................................

# ૫. વિવિધ કુદરતી આફતો પહેલાં અને પછીની સમજ

## અવલોકન

- બાળકોની અવલોકન શક્તિનો વિકાસ થાય.
- આપેલા વિવિધ કુદરતી આફતોના ચિત્રોનું ઘટના પહેલાં અને પછીનું અવલોકન કરાવવું.
- દરેક ચિત્ર વિશે ચર્ચા કરી યોગ્ય માર્ગદર્શન આપવું.

## ચર્ચા

- ચિત્ર આધારિત પ્રશ્નો પૂછીને ચર્ચા કરવી.
- ચિત્રાત્મક રજુઆતથી વિદ્યાર્થીઓને અભિવ્યક્ત કરવાના કૌશલ્યનો વિકાસ થશે.

### મારી નોંધ

......................................................................................................

......................................................................................................

......................................................................................................

......................................................................................................

# ૬. રંગપુરણી

## અવલોકન

- ચિત્ર દ્વારા રંગ અને અંકોનું અવલોકન કરશે.
- અંકોની ઓળખ કેળવ્યા બાદ રંગોની ઓળખ કરશે.
- અંક અને રંગની ઓળખના પૂર્વજ્ઞાન આધારે ચિત્રમાં રંગ પૂરવા માટે માર્ગદર્શન આપવું.
- રંગપુરણી દ્વારા બાળકોનો સર્વાંગી વિકાસ થશે.
- બાળક રાહતકર્તા વિશે જાણશે, અને રંગપુરણી કરશે.

## હેતુ

- બાળકોની કલ્પનાશક્તિનો વિકાસ થાય.
- બાળકોની અવલોકનશક્તિનો વિકાસ થાય.

## ચર્ચા

- આપેલ બે ચિત્ર દ્વારા બાળકો પાસે અવલોકન કરાવી તફાવત શોધવો.
- વિદ્યાર્થી આવૃત્તિના ૬ તફાવત આ પ્રમાણે (૧) ડ્રાઈવર (૨) બારી (૩) ફાયરમેનના વાળ (૪) સીડીનો બોલ્ટ (૫) પાણીના ટેન્કરનું ઢાંકણ (૬) ટેન્કરનું ટાયર.

## સાવચેતી સ્વરૂપે સાચા જવાબની ખરાની નિશાની કરો

### અવલોકન

- અહીં આપેલા ચિત્રોના અવલોકન દ્વારા વિદ્યાર્થીઓ પાસે વિવિધ આકસ્મિક આફતો વખતે સલામતી સ્વરૂપે શું કરાવવુ તેની માહિતી આપશે.
- બે અલગ અલગ ચિત્રોમાં સલામતીવાળા ચિત્રોની સમજ આપશે અને તે આધારે ખરાની નિશાની કરાવવાનું સૂચવશે.

### ચર્ચા તથા પ્રશ્નોત્તરી

- નાની નાની પ્રવૃત્તિઓ દ્વારા વર્ગીકરણની રમત રમાડવાનો પ્રયત્ન કરાવવો.
- સમગ્ર ચર્ચા દરમ્યાન વર્ગખંડમાં અવાજનો શોરબકોર થાય તો તેનો સ્વિકાર કરવો.
- કુદરતી આફતોની ચર્ચા કરી તેના આધારે પ્રશ્નોત્તરી કરાવવી.

### કાર્ટુન ચિત્રવાર્તા

માર્ગદર્શન

૧. છોટા ભીમ અને કાળુની ચિત્રવાર્તા દ્વારા અકસ્માતની સમજ પૂરી પાડવી.

### ટપકાં જોડી ચિત્ર બનાવો

૧. રાહતકાર્યના કર્મચારીનું ટપકાં જોડીને ચિત્ર પૂર્ણ કરી યોગ્ય મનપસંદ રંગ પુરાવવો.

૨. રાહતકાર્યના કર્મચારીની ભૂમિકા વિશેની સમજ મળે.

## ધ્યાનમાં રાખવા જેવું



આફત પહેલાંની પૂર્વતૈયારીનાં પગલાં વિશે શિક્ષક પાસેથી શીખવુ.



ભૂકંપ વખતે શાળાના મકાનમાંથી સલામત બહાર નીકળવાની સમજણ મોક ડ્રિલ દ્વારા સમજવી.

